| Newspaper | Page No. | Date |
|---|---|---|
| Divya Bhaskar | 10 | 24-06-2014 |

# એસ્સાર ફાઉન્ડેશન દ્વારા 2100 સ્કૂલ કિટનું વિતરણ



ભાસ્કર ન્યૂઝ. જામનગર

એસ્સાર ફાઉન્ડેશનની કામગીરી માટે શિક્ષણ ઘણું મહત્વનું સ્થાન ધરાવે છે. આ વર્ષે એસ્સાર ફાઉન્ડેશન તા. 12 થી 14 જૂન દરમિયાન શાળા પ્રવેશ ઉત્સવ-2014ની ઉજવણીમાં સામેલ થયું હતું. એસ્સાર ઓઈલની રિફાઈનરી અને પાવર પ્લાન્ટ આસપાસના ગામોમાં કરવામાં આવી હતી. આ સમારંભનું આયોજન જામનગર અને દેવભૂમિ દ્વારકાના જિલ્લા વિકાસ અધિકારી (ડીડીઓ) વિજય ખરાડી (આઈએએસ)ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

ગુજરાત સરકારનો અભિગમ પણ શાળા પ્રવેશ ઉત્સવને વિશેષ અગ્રતા આપવાનો રહયો છે. આ ઉજવણી દરમિયાન બાળકોને સ્કૂલકીટ વહેંચીને તેમને શાળામાં દાખલ થવા માટે પ્રોત્સાહીત કરવામાં આવે છે. ફાઉન્ડેશને પોતાની પરંપરા આગળ ધપાવીને ખંભાળિયા અને લાલપુર તાલુકાઓમાં 2100 જેટલા સ્કૂલ કીટનું વિતરણ કર્યું હતું અને એ દ્વારા ખાસ કરીને કન્યા શિક્ષણને પ્રોત્સાહીત કરવાનું મહત્વનું કદમ ઉઠાવ્યુ હતું. ઉલ્લેખનિય છે કે, એસ્સાર ફાઉન્ડેશન દ્વારા રીફાઈનરી રીપોર્ટ, વીજ મથક આજુબાજુના 17 ગામોમાં આરોગ્ય, શિક્ષણ, મહીલા સશકિતકરણ, રોજગારી, પર્યાવરણ, ઉદ્યોગ સાહસીકતા એમ છ મુખ્ય ક્ષેત્રોમાં વખતો વખત સમાજ ઉપયોગી કામો થાય છે.